ગાંધીનગર સમાચાર

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

વિકાસની વાત નહીં, વિરોધમાં ગોથાં ખાય છે,
ભલામણો કરીને જ ખાયકી જથ્થામાં ખાય છે!
બથ્થા સુવિધાઓ છે છતાં રહે 'પંચતારક'માં -
કામકાજ કર્યા વિના જ સાંસદો ભથ્થાં ખાય છે..!
(સત્તાવીસ સસ્પેન્ડ)

હાઈકુ

પડી છે ફૂટ -
ભાજપના ઘરમાં,
ચૂંટણી ચિંતા..

જાળવે નહિ,
સંસદની અદબ -
- આ પ્રતિનિધિ?!

ચિંતન

અત્યાર્ય મતિ દાતાર મતિ શૂરમતિ વ્રતમ્ । પ્રજ્ઞાભિમાનિનં ચૈવ શ્રીર્ભયા ત્નોપસર્પતિ ॥

'જે માણસ ખૂબ ઉદાર છે, ઘણો જ સજ્જન છે, શૂરવીર અને સદાચારી છે, બુદ્ધિનું અભિમાન-ગૌરવ રાખે છે, તેની પાસે લક્ષ્મીજી જતાં નથી. અર્થાત લક્ષ્મીને એવો ભય રહે છે કે આવા પુરુષો તેનું મહત્ત્વ સમજતા નથી કે ગણનામાં લેતા નથી.'

જે સદ્‌ગુણી-સજ્જન-વિદ્વાન-પંડિત છે તેને લક્ષ્મી-ધન-વૈભવની ખાસ પડી નથી હોતી, કારણ કે તે લક્ષ્મીનું ચંચળપણું અને એના આગમન પછી આવતાં દૂષણોથી પણ આવા સજ્જનો વાકેફ હોય છે. આથી એ લોકો જીવનમાં લક્ષ્મીને પ્રાધાન્ય-મહત્ત્વ આપતા નથી. વળી લક્ષ્મીજી આવા લોકો પાસે વારસા કે ઈનામરૂપે આવી પણ જાય તો પણ એમના ઉદાર સ્વભાવને કારણે એ તરત કોઈને દાનમાં આપી દે છે. એટલે કે તે પોતાનો અધિકાર લક્ષ્મીજી પર રાખતા નથી. શૂરવીર પણ લક્ષ્મીની ચિંતા વિના જીવ સાથે લડવા તૈયાર રહે છે.

આથી લક્ષ્મીજી માત્ર 'કંજૂસ'ને જ પસંદ કરી તેમના આશ્રયે જ રહે છે.

સુવિચાર

- પૈસા, પદવીનો વળી વિશેષ શો વિશ્વાસ?
  રાવણ કેરી સિદ્ધિ પણ પળમાં પામી નાશ. - **અખંડ આનંદ**
- આજે એક કસોટી ટાળનારને આવતીકાલે બે
  કસોટીનો સામનો કરવો પડે છે. - **ઉમાશંકર જોશી**
- જ્યારે તમે અનુભવો છો કે તમે કંઇ પણ જાણતા નથી
  ત્યારે તમે શીખવા માટે તૈયાર થાવ છો. - **એસ. ભટ્ટાચાર્ય**
- દરેક માણસને જીવનમાં કૃતઘ્નીઓના અનુભવ થતા જ હોય છે,
  એ પછી પણ જે માણસાઈમાંથી શ્રદ્ધા ન ગુમાવે તે નસીબદાર કહેવાય. - **શાહબુદ્દીન રાઠોડ**
- જેનું મન ગરીબ હોય એને દુનિયાની અસીમ સમૃદ્ધિ પણ ધનવાન બનાવી ન શકે,
  મનની ગરીબી કાઢવાનું કામ કપરું છે. - **સંત રોબિન**
- અવિદ્વાન પુત્ર, દ્વેષવાળો ભાઈ અને કપટી મિત્ર એ નર્કના નમૂના છે. - **દુલાભાયા કાગ**
- ચાવ્યા વિનાનું અન્ન, સુમાર્ગે વાપર્યા વગરનું ધન,
  અને પચાવ્યા વિનાનું જ્ઞાન કેવળ દુઃખ જ આપે છે. - **જ્યોતીન્દ્ર દવે** (સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આજના યુગમાં કોઈ પણ જાતના સ્વાર્થ વિના કોઈ 'લોકસેવા'નું કામ કરે એ તો હવે માનવામાં ન આવે એવી ઘટના બની ગઈ છે, તેથી 'સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ' પણ હવે બ્લૅકલિસ્ટમાં મુકાવા લાગી છે. ઈન્કમટેક્ષમાં ૮૦-સીની કલમો મૂકવામાં આવી છે. લોકસેવાના નામે કંઈક પેંતરા-ખેલ ખેલાય છે. નિઃસ્વાર્થ સેવા એ ઉત્તમ - શ્રેષ્ઠ કાર્ય છે.

રાજાએ કૉન્ફ્યુશિયસને પૂછ્યુંઃ 'સૌથી મહાન કોણ?' કૉન્ફ્યુશિયસે સ્વાભાવિકપણે જ કહ્યું, 'આપ.' જેનો પડ્યો બોલ ઝિલાય એ મહાન કહેવાય.

રાજાએ ફરી પૂછ્યું, 'મારાથી કોઈ મહાન ખરું?'

કૉન્ફ્યુશિયસ કહેઃ હું. જે નીડર થઈ સત્ય કહી શકે એ સૌથી મહાન કહેવાય...

રાજા કહેઃ આપણા બંનેથી જે મહાન હોય તેવી વ્યક્તિ તું બતાવી શકીશ?

કૉન્ફ્યુશિયસ રાજાને રાત્રે એક મજૂર જે કૂવો ખોદતો હતો તેની પાસે લઈ ગયા. આ માણસ દિવસે મજૂરી કરી રાત્રે વટેમાર્ગુ માટે નિઃસ્વાર્થ સેવાભાવે કૂવો ખોદે છે. નિઃસ્વાર્થી - પરોપકારી સૌથી શ્રેષ્ઠ છે.'

લોકસભામાં 'ગુજરાતવાળી'

તંત્રી સ્થાનેથી....

સંસદના ચોમાસુ સત્રમાં કૉંગ્રેસે મોદી સરકાર વિરુદ્ધ અપનાવેલા મક્કમ અભિગમનો શાસક પાર્ટી પાસે કોઈ ઉપાય નહોતો બચ્યો. શાસક પક્ષ સંસદમાં ચર્ચા કરવા તૈયાર હતો, ખુદ વડાપ્રધાન નિવેદન કરે એવી સંભાવના વરતાતી હતી, પરંતુ કૉંગ્રેસે લલિતકાંડનાં 'આરોપી' સુષમા સ્વરાજ અને વસુંધરા રાજે તથા વ્યાપમ મુદ્દે શિવરાજસિંહના રાજીનામાની માગણી ન સંતોષાય ત્યાં સુધી સંસદની કાર્યવાહી નહીં ચાલવા દેવાનું વલણ અપનાવ્યું હોઈ મહિલા સ્પીકરે એમની પાસેના બ્રહ્માસ્ત્ર જેવા અધિકારનો ઉપયોગ કરી વેલમાં ધસી જવા બદલ અને સ્પીકરને પ્લેકાર્ડ બતાવવા બદલ એકીસાથે ૨૫ સાંસદોને સસ્પેન્ડ કરી દીધા અને તે પણ પૂરા પાંચ દિવસ માટે. સ્પીકરને કલમ ૩૭૪(એ) મુજબ સંસદની કાર્યવાહીમાં ગરબડ કરનારા સદસ્યોનો બહિષ્કાર કરવાનો અધિકાર જરૂર છે, પરંતુ સામાન્ય રીતે સંસદની ગરિમાને અનુરૂપ સાંસદોનું માન સાચવવાની પરંપરા રહી છે. બહુ બહુ તો સંસદની કાર્યવાહી સ્થગિત કરી દઈને કે અણછાજતા વ્યવહાર માટે સાંસદોને અથવા એમના નેતાને ચૅમ્બરમાં બોલાવી સમજાવવાની અને સમાધાનકારી રસ્તો શોધી કાઢવાની કોશિશ કરાતી હોય છે. મનમોહન સરકાર વખતે આખેઆખાં સત્રો તદ્દન કાર્યવાહી વગરનાં ગયાં હોવાના દાખલા નોંધાયેલા છે. ભારતીય જનતા પાર્ટી મહિનાઓ સુધી સંસદમાં ગતિરોધ કરતી હોવાનું સર્વવિદિત છે. કૉંગ્રેસે એના જ કંડારેલા રસ્તા પર ચાલવાનો પ્રયાસ કર્યો ત્યારે એને ભાગ્યે જ કલ્પના હશે કે અત્યારે વડાપ્રધાનપદે આરૂઢ થયેલ નરેન્દ્ર મોદી તત્કાલીન વડાપ્રધાન સરદાર મનમોહનસિંહ જેવી ઢીલી નીતિ નહીં અપનાવે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે એમણે વિધાનસભા કૉંગ્રેસ પક્ષને વારંવાર સાગમટે બહારનો રસ્તો બતાવવાની પ્રથા જ પાડી દીધી હતી.

લોકસભામાં કૉંગ્રેસ પાર્ટીના નેતા મલ્લિકાર્જુન ખડગેએ સ્પીકર દ્વારા એકસાથે કાળી પટ્ટી લગાવીને આવનારા ૨૫ કૉંગ્રેસી સાંસદોને પાંચ દિવસ માટે સસ્પેન્ડ કરવાની ઘટનાને સંસદમાં 'ગુજરાત મોડલ' અમલી બનાવવાની ઘટના ગણાવી હતી. સોનિયા ગાંધીએ એને લોકશાહીના ઈતિહાસનો કાળો દિવસ લેખાવ્યો હતો. સ્પીકરને પ્લેકાર્ડ બતાવવાની કે વેલમાં ધસી જઈ સૂત્રોચ્ચારો કરવાની ઘટના કોઈ નવી બાબત નથી. પરંતુ સ્પીકરે વડાપ્રધાનના ઈશારે ચલાવેલો સામૂહિક સસ્પેન્શનનો દંડો સંસદના ઈતિહાસમાં જરૂર યાદગાર બની રહેશે. કૉંગ્રેસના વરિષ્ઠ સાંસદ ગુલામનબી આઝાદે સરકાર રાજાશાહી ઢબે વર્તી રહી હોવાની ટીકા કરી છે. સામે પક્ષે સ્પીકરે સળંગ એક અઠવાડિયા સુધી ગૃહમાં વિપક્ષે મચાવેલી ધમાલથી પોતે ગળે આવી ગયાં હોવાનું જણાવ્યું હતું. એમણે કહ્યું હતું કે, મારું કામ સંસદ ચલાવવાનું છે અને હું એ જ કરી રહી છું. કેન્દ્રીય મંત્રી ગડકરીએ સોનિયા પર નિશાન સાધીને કહ્યું કે એકમાત્ર સોનિયા ગાંધીને જ સંસદ નહીં ચાલવા દેવામાં રસ છે. સોનિયા ગાંધીએ રેડિયો પર મનની વાત કરીને લોકસભામાં મૌન ધારણ કરનારા મોદીને માત્ર અને માત્ર પોતાના માર્કેટિંગમાં જ રસ હોવાનું નિવેદન કર્યું છે. સ્પીકર સુમિત્રા મહાજને વડાપ્રધાને બોલાવેલી સર્વપક્ષીય બેઠક નિષ્ફળ રહ્યા પછી આ કડક વલણ દર્શાવી મોદી સરકારના દ્રઢ ઈરાદાનો સ્પષ્ટ સંકેત આપ્યો છે. સરકારના આ બિનલોકશાહી વલણનો તૃણમૂલ કૉંગ્રેસ અને માયાવતીની પાર્ટીએ વિરોધ કર્યો છે. સંસદનો બહિષ્કાર કરીને આખેઆખો વિપક્ષ બહાર રહેશે તો પણ મોદી સંસદ ચલાવી બતાવશે અને એમનાં બિલ પસાર કરાવીને જંપશે, એવી આગાહી અસ્થાને નથી! જોકે, આ પ્રકારનું કઠોર વલણ સંસદના ઈતિહાસમાં પહેલી વાર જ અમલી બનશે, ને એ વિક્રમ પણ મોદીના ખાતે જ ચડશે!

ગાડી બુલા રહી હૈ, મગર ક્યું? મરને, મારને યા તરકટી કરાને કે લિયે...

વિચારોના મધુવનમાં

પ્રો. રાકેશ પટેલ

આપણો દેશ એટલે 'વાહનોનો દેશ એવી છાપ આવનારા સમયમાં પડવાની પૂરી શક્યતા છે. અષાઢી બીજના દિવસે સારા મૂરતને સાચવવા કરોડો રૂપિયાની ગાડીઓ કે ચાર પૈડાવાળા વાહનો ખરીદાય છે. જો ભગવાન પોતે પણ કોઈ મોટા શહેરમાં ઉતાવળા પગલે આવી જાય તો ટ્રાફિકમાં ફસાઈ જાય એ નક્કી! વિશ્વમાં થતા કુલ ચારમાંથી એક અકસ્માતને આપણે ભારતના આંગણે થવા દઈએ છીએ. આપણે વિકાસ બધા ક્ષેત્રોમાં કરી રહ્યા છીએ. જે ઝડપે વાહન ખરીદાય છે એ જ ગતિએ વાહનો અથડાય છે. નિર્દોષ લોકોને ઝપટે લેતા જાય છે. પોલીસ ગુનેગારોને પકડવાને બદલે અકસ્માતોના અકસ્માતમાં ભરાઈ પડે છે. જો અકસ્માત વીઆઈપી દ્વારા થયો તો બે બાજુઓને જાળવીને કામ કરી લેવું પડે.

ભાયખલાના એસ. બ્રિજ પર તમે કોઈ પણ પ્રકારનો ઍક્સિડન્ટ કર્યા વિના ગાડી ચલાવી શકો તો તમને ડ્રાઈવિંગ લાઈસન્સ જરૂર મળી રહેશે, કારણ કે આ બ્રિજ પર બ્રિટિશ સરકાર ડ્રાઈવિંગ માટે ટેસ્ટડ્રાઈવ લેતી હતી. બ્રિટિશ સરકારનું માનવું હતું કે આ બ્રિજ પર જે વ્યક્તિ ગાડી ચલાવી શકે તે વ્યક્તિ મુંબઈના કોઈ પણ રસ્તા પર આસાનીથી ગાડી ચલાવી શકે.

બ્રિટિશરોના રાજમાં વર્ષો પહેલાં મુંબઈમાં બાઈક તથા કાર માટે લાઈસન્સ મેળવવા આ બ્રિજ પર ટેસ્ટડ્રાઈવ લેવામાં આવતી હતી. ત્યાર બાદ વર્ષો સુધી ભારત સરકારે પણ આ જ બ્રિજ પર ટેસ્ટડ્રાઈવ લીધી હતી. આ બ્રિજ પર જે લોકો કાર કે બાઈક ચલાવવામાં ફેલ થઈ જતાં તેમને લાઈસન્સ આપવામાં નહોતું આવતું. આ બ્રિજ ઓગણીસમી સદીમાં બન્યો હતો. આ આખો બ્રિજ દેખાવમાં એસ આકારનો હોવાથી એને એસ બ્રિજ કહેવામાં આવે છે. જો તમે આ બ્રિજ પર ગાડી ચલાવવાની પ્રૅક્ટિસ કરી લો અને ત્યાર બાદ ટેસ્ટડ્રાઈવ માટે જશો તો તમે ફેલ નહીં થાઓ.

રસ્તા પર ચાલતા જવું એટલે કશુંક ઓછું હોવાનો ભાવ કેટલાક લોકો સેવે છે. કારના નવા મોડેલ જાણે કે શાકભાજીની જેમ વેચાય છે. ડ્રાઈવર કે ચાલકોની કોઈ તાલીમી સંસ્થા નથી. માત્ર લાઈસન્સ મેળવવા કસોટી (ટેસ્ટ) આપવી પડે. મને એક ટ્રકનો ડ્રાઈવર મળી ગયો હતો. તેની વાત સાંભળતા એવું લાગ્યું હતું કે ભારતમાં સારા વાહન ચાલકો (ડ્રાઈવરો)ની ખૂબ અછત છે. ખૂબ સારો ચાલક એ વાસ્તવમાં બધાના જીવનની કિંમત સમજતો હોય છે. મુસાફરી કરનારની જીંદગી સાથે એ ક્યારેય મજાક ન કરી શકે.

અકિલા ન્યૂઝ પર હમણા સમાચાર હતા કે અમેરિકાની કોર્નલ યુનિવર્સિટીમાં રહીને સંશોધનકાર્ય કરતા પ્રોફેસર આશુતોષ સકસેનાએ એવી સ્માર્ટ કાર સિસ્ટમ તૈયાર કરી છે જે કારનો ડ્રાઈવર ખોટી રીતે કાર ડ્રાઈવ કરતો હોય તો તેને આવું કરતા રોકે છે. એક ખાસ પ્રકારના એલ્ગરિધમનો ઉપયોગ કરીને આ કારનું કમ્પ્યુટર ડ્રાઈવરના હાથ અને માથાની મુવમેન્ટસ તથા આગળના રોડ પર નજર રાખે છે અને એનો અભ્યાસ કરીને તે ડ્રાઈવર ભુલ કરવાનો હોય તો એની અમુક સેકન્ડસ પહેલા જ ડ્રાઈવરને ચેતવી દે છે. કાર સાથે જોડેલા રડાર તથા કેમેરાનો ઉપયોગ કરીને આ સિસ્ટમ રસ્તાની હલચલ પર નજર રાખે છે. ડ્રાઈવરની ભૂલ વિશે આ સિસ્ટમ લાઈટ, બીપ કે વાઈબ્રેશન દ્વારા ચેતવણીનો સૂર કાઢે છે. અત્યારે પ્રોફેસર સકસેનાએ કરેલા પ્રેક્ટિકલ પરીક્ષણો પરથી સાબિત થયું છે કે આ સિસ્ટમ ડ્રાઈવર ભૂલ કરે એની ૩.૭૩ સેકન્ડ પહેલાં જ તેને ચેતવી દે છે.

હવે દેશમાં ક્યાં પણ જો કોઈ દારૂ પીને ગાડી ચલાવતા પકડાઈ ગયા તો પહેલા કરતા પાંચગણો વધારે દંડ ભરવો પડશે. એટલે કે હવે ૨૦૦૦ રૂપિયાના બદલે ૧૦,૦૦૦ રૂપિયાનો મેમો ફાડવામાં આવશે. જો ડ્રિંક એન્ડ ડ્રાઈવ કરતા બીજીવાર પકડાયા તો આકરી સજા પણ કરવામાં આવી શકે છે. આ જોગવાઈઓ રોડ ટ્રાન્સપોર્ટ અને સુરક્ષા બિલમાં કરવામાં આવી છે. રોડ ટ્રાન્સપોર્ટ અને સુરક્ષા બિલમાં શામેલ આ અને અન્ય કડક જોગવાઈઓ દરેક રાજય સરકારને અભિપ્રાય માટે મોકલવામાં આવ્યા છે. બિલમાં ડ્રિંક એન્ડ ડ્રાઈવ ઉપરાંત કેટલીક નવી જોગવાઈઓ પણ તૈયાર કરવામાં આવી છે.

બિલમાં તેમ પણ જણાવવામાં આવ્યું છે કે એકથી વધારે લાઈસન્સ

અનુસંધાન પાના નં.૭ પર

સ્કૂટર-કાર ચલાવવાની તો વાત જ જવા દો, સાઈકલ ચલાવવાની પણ મને પરવાનગી નહોતી...



નવાં કલેવર

નટવર હેડાઉ

સવાર થવા આવી હતી. આકાશમાં કાળાં-સફેદ વાદળો આમતેમ દોડતાં હતાં. હવા મંદગતિએ વહી રહી હતી. સ્વાતિના બેડરૂમને અડીને લીમડાના ઝાડની ડાળ પર બનાવેલા માળામાં બેઠેલ ચકલીનાં બચ્ચાંને હવા ઝુલાવતી હતી. બેડરૂમની બારી સાથે માળો વારંવાર ભટકાતો હતો. લીમડાના પાનની ગંધ વાતાવરણમાં ચારે તરફ ફેલાઈ રહી હતી.

સ્વાતિ બે હાથ પહોળા કરી આળસ મરડી બેઠી થઈ. બેડરૂમમાં પોતાની પાસે સૂતેલી આઠ મહિનાની દીકરી ચકુને જોઈ, જે વિમાનની પાંખોની જેમ પોતાના હાથ-પગ પહોળા કરીને સૂતી હતી. સ્વાતિની મમતા જાગી તેથી તેણે ચકુના કપાળે ચૂમી ભરી. તે બેઠાં બેઠાં વિચારવા લાગીઃ ચકુ મોટી થશે, ખુલ્લામાં દોડાદોડ કરશે. ભાગશે. શેરીનાં છોકરાંઓ સાથે રમશે-ભણશે.

અચાનક સ્વાતિને પોતાના અતીતનાં અનેક દશ્યો આંખ સામે દેખાવા લાગ્યાં. દાદીમાએ કહેલું કે તારા જનમ વખતે તારા બાપુજી આખો દિવસ કોઈ સાથે બોલ્યા ન હતા. તે વિચારતા કે છોકરા-છોકરીઓ સાથે ભણે તો છોકરીઓ બગડી જાય. તેથી તેમણે મને એવી શાળામાં ભણાવી જેમાં ફક્ત છોકરીઓ જ હોય. હાઈસ્કૂલમાં મેં ઍડમીશન લીધું ત્યારે બાપુજી રોજ મને સ્કૂટર પર મૂકવા અને લેવા આવતા. છોકરા-છોકરીઓ સાથેની મારી દોસ્તી તેમને ગમતી નહીં.

સ્કૂટર-કાર ચલાવવાની તો વાત જ જવા દો. સાઈકલ ચલાવવાની પણ મને પરવાનગી નહોતી. બાપુજી પુરુષપ્રધાન સત્તામાં વિશ્વાસ ધરાવતા હતા. મારા પછી બાપુજીને ત્યાં બીજા સંતાનનું આગમન થનાર હતું. મા ડિલીવરી-રૂમમાં હતી. હું દાદીમા અને બાપુજી બહાર, બાપુજી બેચેનીમાં આમતેમ આંટા મારતા હતા. ડિલીવરી-રૂમમાંથી જેવા ડૉક્ટર બહાર આવ્યા તે સાથે બાપુજી દોડતા જઈ જિજ્ઞાસાભરી આંખે તેમની પાસે પહોંચી ગયા. ડૉક્ટરે કહ્યું, 'ભટ્ટજી, પરી જેવી દીકરી આવી છે. અભિનંદન!'

બાપુજી મિજાજ ગુમાવતાં ડૉક્ટરનો હાથ પકડી ઝઝકોરી નાખતાં પૂછવા લાગ્યાઃ 'તમે બાળકને બરાબર જોયું તો છે ને! દીકરો છે કે દીકરી?' ડૉક્ટર નીચું જોઈ કંઈ બોલ્યા વિના અંદર ચાલ્યા ગયા.

ત્યારે સ્વાતિએ વિચારેલું કે બાપુજીને ત્યાં નહીં તો પતિને ત્યાં તેને મોકળાશ મળશે. જિન્દગીને નવા ઢંગે શરૂ કરીશ. સ્કૂટર, કાર, મોબાઈલ જેવી જીવનને ગતિ દેનાર ચીજો સાથે જોડાઈશ. ખુલ્લું વાતાવરણ મળશે. હરવા-ફરવાની આઝાદી હશે. નવી દુનિયાનો એવો એક હિસ્સો હું હોઈશ. પણ તેની આ કલ્પના રણમાં પાણીની શોધ જેવી રહી. પતિ બહુ સારા હતા. મોટા હોદ્દા પર હતા. તેનું ખૂબ ધ્યાન રાખતા. પણ, ''આ બાજુ નહીં જોવાનું, બારીઓ બંધ રાખ, બ્રાહ્મણ પાસે ચાંદલો નહીં કરાવવાનો, જાતે કરતી જા. બજારમાં ખરીદી કરવા જવાનું થાય તો કહેજે. તું કારમાં બેસી રે'. હું બધું લઈ આવું છું!''- સ્વાતિને અંદર ને અંદર આ વાતોથી ગૂંગળામણ અને બેચેની થતી.

સ્વાતિએ ફરી ચકુ સામે જોયું. તે અંદરથી ચિત્કારી ઊઠી. ચકુની સાથે એવું નહીં થવા દઉં. સંકીર્ણતાનો પડછાયો પણ તેની ઉપર પડવા નહીં દઉં. આવા બધા વિચારો કરતી સ્વાતિ ઊભી થઈ અને બ્રશ કરવા બેડરૂમની બહાર આવી. બાલ્કનીમાં ઊભી રહી પ્રકૃતિને નિહાળવા લાગી. થોડીવાર પછી તેને એમ લાગ્યું કે બેડરૂમમાં કંઈક અવાજ આવે છે. તે ઓરડાના બારણે આવી અટકી ગઈ.

બેડરૂમનું દશ્ય અદ્‌ભુત હતું. સ્વાતિ શ્વાસ રોકી મનોમન દશ્યને જોતી રહી. ચકુ જાગી જઈને તેના એક પગના અંગૂઠાને મોંમાં લેવાનો પ્રયત્ન કરતી હતી. તેની પાસે ચકલીનાં બે બચ્ચાં - ટીનુ-મીનુ ડોક ઊંચી કરી ચક્ ચક્ કરી રહ્યાં હતાં. ચકુને એકદમ એમ લાગ્યું કે નવાગંતુક મિત્રોનું તેણે સ્વાગત નથી કર્યું. તેથી તે પગનો અંગૂઠો છોડી દઈ પડખું ફરી બેઠી થઈ ગઈ. અને ટીનુ-મીનુના સૂરમાં સૂર મેળવી કંઈક અલગ પ્રકારે ગણગણવા લાગી. આ દશ્યને જોઈને સ્વાતિને દિલ્હી અને બીજાં શહેરોમાં થઈ રહેલ રેપની ઘટનાઓનાં દશ્યો નજર સામે તરવરવા લાગ્યાં. સ્વાતિ એક પળમાં ચકુની પાસે પહોંચી ગઈ. તેને ખોળામાં લીધી અને ચુંબનોથી નવડાવતી પોતાના સાડીના પાલવમાં તેને છુપાવી લીધી. ટીનુ અને મીનુ પોતાના માળા તરફ ઊડી ગયાં.

સ્વાતિની આંખમાં આંસુ આવી ગયાં. બહાર હવે ઝરમર ઝરમર વરસાદ ચાલુ થઈ ગયો હતો. તે જાણે કે તેના મનોભાવોને વ્યક્ત કરતો હતો.

- vanvihari@gmail.com

ઓવર ટુ અમેરિકા...!! લગ્ન પહેલાંની કન્યાવિદાયનાં અશ્રુઓ...!!

રોજ જોવાની ટેવથી હું છૂટો પડીશ, મારાં જ ટુકડાને મોકલી હું ભૂલો પડીશ, લાગણી ને વહાલને તો ક્યાં દૂર કરાય! વિદેશ મોકલી મારી જાતથી જુદો પડીશ!

હેલ્લો ફ્રેન્ડસ

સંજય થોરાત

અમદાવાદ એરપોર્ટ પરથી ફલાઈટે ટેક ઑફ કર્યું. કાળાં ડિબાંગ વાદળાં વચ્ચે ચમકતા તારલામાં બે બીજી વિમાનની લાઈટ ભળી ગઈ. આડે દિવસે ક્યારેક આકાશ સામે જોવાની ફુરસદ ન મેળવતા જિજ્ઞેશભાઈ અને નિવૃત્તિબેન એકીટશે એ વિમાનને જોઈ રહ્યાં હતાં. બંનેની આંખોમાં અશ્રુનાં ઘોડાપૂર



હતાં... યસ, કારણ એમાં એમનો કાળજાનો કટકો સવાર હતો. તૃષ્ટિ આજે ઉચ્ચ શિક્ષણ અર્થે ઓવર ટુ અમેરિકા થઈ રહી હતી.

આકાશમાંથી વરસાદ અને નિવૃત્તિબેનની આંખોમાંથી અશ્રુ એકસાથે જ ધોધમાર વરતી રહ્યાં હતાં... એરપોર્ટ પરથી પાછા ફરતાં ગાડીમાં સન્નાટો હતો. વાઈપર અને વિચારોની ગતિ સરખી જ તેજ હતી. વાઈપર વરસાદનું પાણી લૂછવામાં, તો સાડીનો પાલવ આંખોની ભરતી ખાળવામાં લાગેલાં હતાં... ઘરે તો બંને પહોંચવામાં હતાં પણ એમની દીકરી, અરે કાળજાનો કટકો- તૃષ્ટિ - હજારો માઈલ દૂર અમેરિકા તરફ ઊડી રહ્યો હતો... જેમની પણ દીકરી અમેરિકા કે વિદેશ ભણવા જાય એમનાં મા-બાપની આવી જ તો ભાવાવસ્થા થતી હશે, નહીં??

પચ્ચીસ વર્ષ પહેલાં આ બચ્ચાને બેબીસીટર અથવા કામવાળીના ભરોસે છોડીને જવાનો અસહ્ય વિચાર આવતાં આપણા બચ્ચાઓને પ્રથમ હક્ક આપવો, એમ કરી નિવૃત્તિબેને નોકરી-કરિઅર બધામાંથી એકીઝાટકે નિવૃત્તિ લઈ લીધી... સંતાનમાં બબ્બે દીકરીઓ પણ કદાચ દીકરાઓ કરતાંય વધારે લાડકોડથી ઉછેરી, કોઈ ભેદભાવ વિના... ઘરમાં આવતાં મહેમાન દિવાળીએ દીકરો નથી એવો અહેસાસ કરાવી દીકરીઓના હાથમાં દસની નોટ આપવાનું પણ ટાળતાં, ત્યારે જિજ્ઞેશભાઈને સમાજની આ સંકુચિત વિચારસરણી પર ભારોભાર નફરત જન્મતી...

આમ પણ કહેવત છે ને કે, દેવું અને દીકરીઓ જલદી વધી જાય છે... દીકરી તૃષ્ટિ ફટાફટ મોટી થવા લાગી અને દોરડાં શીખે એ પહેલાં તો ગરબા રમતાં શીખી ગઈ.. માત્ર સાડા ત્રણ વર્ષે પ્રથમ પુરસ્કાર મળ્યો, પછી તો ગરબાનો ગિયર ક્યારેય રિવર્સમાં પડ્યો નહીં, શૉકેશ નવું કરાવવું પડ્યું મેડલ - ટ્રૉફી મૂકવા અને ચણીયા ચોળીનું અલગ બજેટ ફાળવાતું રહ્યું...

તૃષ્ટિનું બારમાનું રિઝલ્ટ લોકોને - સમાજને છક્કડ ખવડાવી ગયું અને એ મેડિકલના ક્ષેત્રમાં એપ્રોન - થેટોસ્કૉપ સાથે પેશન્ટને વહાલ કરવા લાગી... કેલેન્ડરના વર્ષોનાં પાનાંને પલટાતાં ક્યાં વાર લાગે છે? ડિગ્રી સાથે દીકરી ઘરમાં હાજર અને તૃષ્ટિમાંથી ડૉક્ટર તૃષ્ટિ બની છવાઈ ગઈ...

એક દિવસ તૃષ્ટિએ કહ્યું, 'મારે એમ.એસ. માટેની ઍક્ઝામ આપવી છે, જી.આર.ઈ.ની તૈયારી કરું?'

મમ્મીએ રાજી થઈ કહ્યું, 'હા, હા. આપ ને, સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવી સારી, એનાથી ઘણો ફાયદો થાય છે. જ્યાં તને બેસ્ટ લાઈન અથવા કૉલેજ મળે ત્યાં જ જવાનું, દેશમાં કે પછી વિદેશમાં. ગ્લોબલ ઍક્સપોઝર મળવું જોઈએ. બહુ ફેર પડી જાય છે. આપણું સ્ટેટસ અને પૅકેજ બધું જ સરસ મળે...' વગેરે વગેરે નિવૃત્તિબેને એને સમજાવ્યું. અમારા સમયમાં ટૅલેન્ટ હોવા છતાંય વિદેશ ભણવા જવાનું ન મળ્યું, અને એમાંય દીકરીઓને- જેવો વસવસો પણ મમ્મીએ વ્યક્ત કર્યો... અને બબડ્યાં પણ ખરાંઃ દીકરીની પ્રગતિમાં કયાંય વચ્ચે નહીં પડવાનું...

તૃષ્ટિ બ્રિલિયન્ટ હતી જ એટલે જી.આર.ઈ, ટૉફેલ, અમેરિકાની વિવિધ યુનિવર્સિટી, અભ્યાસ, કોર્સ, લાઈનની સર્ચ પ્રોસેસ અને એ પ્રમાણે ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલુ હતી. નિવૃત્તિબેન અને જિજ્ઞેશભાઈ તટસ્થ હતાં. મનમાં એમ જ ચાલતું હતું કે અરજી કરવાથી કયાં તરત જ ઍડમીશન મળી જાય છે!

'મમ્મી, આજે રાત્રે મારી ફ્રેન્ડ આશુ આપણા ઘરે જમવા આવવાની છે, રાત્રે અહીં જ સૂઈ જશે. અમે રાત્રે એરપોર્ટ પર જવાનાં છીએ.'

'પણ કેમ?' મમ્મીએ જરા આશ્ચર્યજનક રીતે જોયું.

'અરે, મારી બીજી ફ્રેન્ડ દીશુ છે ને એ આજે અમેરિકા જાય છે. એને એડમીશન મળી ગયું છે, અમે સૅન્ડ-ઑફ કરવા જઈએ છીએ.'

બીજા દિવસે સવારે મમ્મીએ પૂછ્યું, 'બેટા, દીશુ ગઈ?'

'યસ, મમા, દીશુની મમ્મી ખૂબ રડતી હતી, અને એના પપ્પાની આંખમાં પણ વિરહનાં આંસુ હતાં.'

'હા, સાચું જ છે ને રડવું તો આવે જ ને? આટલે દૂર દીશુને એકલી મોકલવાની, પણ એ તો ઠીક છે એનું કરિઅર બનતું હોય, તો ક્યાંક કશું તો કૉમ્પ્રોમાઈઝ કરવું પડે ને? અને અહીં આપણા શહેરની આસપાસ જ ઍડમિશન મળે એની શું ગૅરન્ટી? કયારેક તો ઘરથી દૂર જવું જ પડશે ને?' નિવૃત્તિબેનની વિચારયાત્રા ચાલુ જ હતી.

...અને એક દિવસ તૃષ્ટિ ઊછળતી આવી, 'મમ્મી, મને પણ અમેરિકા જવા મળશે, મેં પરીક્ષા પાસ કરી લીધી છે.'

એને જે ફિલ્ડ અને યુનિવર્સિટીમાં પ્રવેશ જોઈતો હતો ત્યાં મળી ગયો. પાસપોર્ટ - વિઝા પ્રોસેસ

અનુસંધાન પાના નં.૭ પર

પ્રણય અને સમય કોઈની રાહ ન જુએ

ગુલમોર

દિનેશ દેસાઈ

રાષ્ટ્રકવિનું બિરુદ પામેલા હિન્દી ભાષાના શીર્ષસ્થ કવિશ્રી મૈથિલિશરણ ગુપ્તે (૧૮૮૬-૧૯૬૪) લખ્યું છે કે,

માનવીય સંબંધોની સંવેદના એમાં જ સમાયેલી છે કે જયારે આપણે એકમેકના હૃદયની ભાષા પણ સમજી શકીએ. કહ્યું કંઈક અને સમજાયું કંઈક, એવું નહીં. મૈથિલિશરણ ગુપ્તે વ્રજભાષામાં અને સંસ્કૃતમાં કાવ્યસર્જન થતું એ સમયે વરિષ્ઠ કવિ મહાવીર પ્રસાદ દ્વિવેદીની પ્રેરણાથી ખડી બોલીમાં કાવ્યસર્જન શરૂ કર્યું અને સમકાલીન કવિઓ માટે પ્રેરણાનો સ્રોત બન્યા.

પ્રેમમાં પ્રત્યાયન મહત્ત્વનું છે. પ્રેમ તો હૃદયની ભાષા પણ સમજે છે અને હૃદયના ધબકારને પણ પિછાણે છે. કહ્યા વિના પણ પ્રિયજનને સમજી શકાય, એનું નામ પ્રેમ. એક વ્યક્તિ પોતાના પ્રેમનો એકરાર પોતાને ગમતી વ્યક્તિ સમક્ષ કરે, પરંતુ એ વ્યક્તિ જયારે એમ કહે કે - હું વિચારીને કહીશ... તો, એનો અર્થ એ જ કે એના હૃદયમાં પ્રેમનું ઝરણું ફૂટ્યું જ નથી. જળનું ઝરણ કે લીલાશ પણ ન હોય એવી જમીન ઉપર પ્રેમનો છોડ પાંગરે અને ફૂલો ખીલી ઊઠે એવી આશા રાખવી વધારે પડતી ગણાય.

પ્રણય અને સમય કોઈની રાહ ન જુએ. પ્રેમ એ વહેતાં ઝરણ અને કલકલ નાદ કરતી નદીનાં વહેણ જેવો છે. પ્રેમનાં ઝરણ અને વહેણને કોઈ રોકી શકે નહીં. જો નદીનો માર્ગ આંતરવામાં આવે તો નદીને વહેણ બદલીને પોતાનો નવો માર્ગ કરતા આવડતું હોય છે. ટિક-ટિક કરતી ઘડિયાળ કદાચ પાવરના અભાવે બંધ પડી જતી હોય છે, પરંતુ સમયને રોકી શકાતો નથી. સમય પણ આગળને આગળ વધતો જ જાય છે. સમય કોઈની રાહ જોયા વિના ચાલ્યા જ કરે છે.

સમજણ દરેક સંબંધનો પાયો છે. એકમેકને સમજવાની અને સમજયા પછી સ્વીકારવાની તૈયારી દરેક સંબંધને નવપલ્લવિત રાખે છે. એકમેકને સમજયા વિના સંબંધ આગળ વધી શકતો નથી. સમજણ એ જ સંબંધનો માર્ગ નિયત કરે છે.

પ્રેમમાં પ્રત્યાયન મહત્ત્વનું છે, પ્રેમ તો હૃદયની ભાષા પણ સમજે છે અને હૃદયના ઝબકારાને પણ પિછાણે છે, કહ્યા વિના પણ પ્રિયજનને સમજી શકાય, એનું નામ પ્રેમ, સમજણ દરેક સંબંધનો પાયો છે, એકમેકને સમજવાની અને સમજ્યા પછી સ્વીકારવાની તૈયારી દરેક સંબંધને નવપલ્લવિત રાખે છે

સ્ટોપર -

પ્રણયમાં એકરાર તમે કરશો કે સામેની વ્યક્તિ કરશે, એવી કશમકશ રહેતી હોય છે. હિન્દી ફિલ્મ કવિ રાજેન્દ્ર ક્રિષ્ને પ્રણયમાં બોલવું અને મૌન રહેવું એ વિશે બે ફિલ્મ માટે લખેલ બે વિવિધ શબ્દમુદ્રા -

વો ચૂપ રહે તો મેરે દિલ
મેં દાગ જલતે હૈં,
જો બાત કર લે તો બુઝતે
ચરાગ જલતે હૈં.

- ફિલ્મ 'જહાનઆંરા'

'ઉનકો યહ શિકાયત હૈ કી
હમ કુછ નહીં કહતે,
અપની તો યહ આદત હૈ
કિ હમ કુછ નહીં કરતે.'

- ફિલ્મ 'અદાલત'